કાશ્મીરમાં હિમપ્રપાતમાં ૧ મેજર સહિત ૧૪ જવાન શહીદ

શ્રીનગર, જમ્મુ-કાશ્મીરના ગુરેજ સેક્ટરમાં બુધવારે બનેલી હિમપ્રપાતની બે ઘટનામાં શહીદ થનારા જવાનોનો આંકડો વધીને ૧૪ થઇ ગયો છે. ગુરૂવારે વધુ ચાર જવાનોના મૃતદેહ મળી આવ્યા. જે પછી રેસ્ક્યુ ઓપરેશન ખતમ થઇ ગયું.

શહીદ થનારા જવાનોમાં ૧ મેજર અને ૧૪ જવાન સામેલ છે. કાશ્મીર ખીણમાં હવામાન ઘણુ જ ખરાબ છે. ભારે બરફ વર્ષાથી સ્થિતિ વધુ બગડી છે. ઠેર ઠેર હિમ તોફાન કે હિમપ્રપાતનો ખતરો યથાવત છે. બુધવારે સરહદ પાસે ગુરેજ સેક્ટરમાં થયેલા હિમપ્રપાતની ઘટનામાં ઘણા જવાન દબાઇ ગયા હતા. આ પહેલા ગાંદરબલ જિલ્લાના સોનમર્ગ વિસ્તારમાં થયેલી હિમપ્રપાતની ઘટનામાં પણ એક મેજર મૃત્યુ પામ્યા હતા. બાંદીપુરા જિલ્લામાં નિયંત્રણ રેખા નજીક ગુરેજ સેક્ટરમાં બુધવારે સાંજે બરફની એક વિશાળ હિમશિલા સેનાની શિબિર પર પટકાઈ હતી. જેમાં કેટલાંક સૈનિકો ફસાયા હતા. જે બાદ બચાવ અભિયાન શરૂ કરાયુ હતુ. ગુરૂવારે ચાર જવાનો મૃતદેહ મળી ગયા બાદ રેસ્કયુ ઓપરેશનને પણ પૂર્ણ કરી દેવાયું. આ હિમપ્રપાતમાં એક પેટ્રોલિંગ ટુકડી પણ આવી ગઈ હતી. આ પેટ્રોલિંગ ટુકડી પોતાની ચોકી તરફ જઈ રહી હતી.

બાંદીપોરામાં નિયંત્રણ રેખા પાસે બરફની એક મોટી શિલા સેનાના કેમ્પ પર પડી હતી જેના કારણે અનેક સૈનિકો તેમાં ફસાઈ ગયા હતાં. ૧૦ સૈનિકોના મૃતદેહો ગુરુવારે મળ્યા હતાં.

નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતી નિમિત્તે રમતોત્સવનું આયોજન

અમદાવાદ, નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૦મી જન્મજયંતી નિમિત્તે નર્મદ-મેઘાણી લાયબ્રેરી દ્વારા ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ મીઠાખળી બાગ, મીઠાખળી ખાતે સવારે ૮.૩૦ વાગેથી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી નેતાજી રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું.

નર્મદ-મેઘાણી લાયબ્રેરી, સાંસ્કૃતિક ચળવળના ભાગરૂપે દેશના સમાજ સુધારકો, ક્રાંતિકારીઓ, વૈજ્ઞાનિકો, વગેરે માનભેર યાદ કરવાની પરંપરામાં દર વર્ષે નેતાજી સુભાષચંદ્ર બોઝ રમતોત્સવનું આયોજન કરે છે. તેમાં નાનાથી માંડીને મોટી ઉંમરના લોકો વિવિધ રમતગમતમાં ભાગ લેતા હોય છે. આ સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા અને આ સાંસ્કૃતિક ચળવળના ભાગ આપને હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

રાષ્ટ્રીય બાલિકા દિવસ પર ઝાયકોમ સ્ત્રી સુરક્ષા એપ્લીકેશન મફત ડાઉનલોડ કરવાની જાહેરાત કરે છે

ઝાયકોમ ઈલેક્ટ્રોનિક સિક્યુરિટી સીસ્ટમ જે ઈલેક્ટ્રોનિક સિક્યોરિટી સિસ્ટમના એક અગ્રણી છે તેણે રાષ્ટ્રીય બાલિકા દિવસના પ્રસંગ પર તેની સ્ત્રી સુરક્ષા એપ્લીકેશન ઝાયમેનની દેશમાં પ્રથમ ૧૦૦૦ ડાઉનલોડ મફત કરવાની જાહેરાત કરી છે. જે જાન્યુઆરી ૩૧,૨૦૧૭થી આગલા સુધી રહેશે.

રૂેક ટેકનોલોજી શહેરમાં તાજેતરમાં નવા વર્ષની સાંજે નોધાયેલાના સ્ત્રી અને છોકરીઓના સતામણીના પ્રંસેગોએ ફરી એક વાર આપણી સિસ્ટમની ગુનાહકને રોકવાની નિર્બળતા પુરવાર કરી છે અને તેથી અસરકારક પ્રત્યુતર ચેતવણી પગલાની જરૂરત છે જેમાં કુટુંબ , મિત્રો અને સત્તાવાળાઓ તરફથી મદદ મળી શકે.

આ ઓફર પર ટિપ્પણી કરતા શ્રી પ્રમોદ રાવ, ઝાયકોમના મેનેજિંગ ડાયરેક્ટર કહ્યું કે તકનીકી આધારિત સુરક્ષા ઉકેલો આપનાર હોવથી અમે દેશની જનતામાં સૌથી સંવેદનશીલ ભાગને અકલ્પનીય ગુનાહને રોકવા માટે ખાસ ટેકનોલોજી આધારિત સેવા આપવા પ્રતિબદ્ધ છીએ. તે પ્રમાણે ,બાળ દિવસના પ્રસંગ પર, મફથ એપ્લીકેશન ડાઉનલોડ સેવા આપીને અમે આખા દેશમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ બાળકીઓને સુરક્ષિત બનાવીશું.

એપ્લીકેશનની જરૂરિયાત વિષે વધુ જણાવતા શ્રી પ્રમોદ રાવ ,ઝાયકોમના મેનેજિંગ ડાયરેક્ટર ઉમેર્યુ કે અમે અકલ્પનીય ગુનાહને અટકાવવા ઓટોમોટિવ એપ્લીકેશન તુરત ચેતવણી યંત્રાણા ઉમેરવામાં માનીએ છીએ જેમાં મિત્રો , કુટંબના સભ્યો , નજીકના પોલીસ સ્ટેશન અને હોસ્પિટલ તરફથી મદદ માંગે છે જેથી માત્ર ગુનેગારને પકડી નહી શકાય પણ જીદંગી પણ બચાવે છે. (૧૯-૧૦)

ડેટામેલએ ઓડિયન્સ સાથે જોડાવા નવું ફિચર વન વે ચેનલ 'ડેટા રેડિયો' પ્રસ્તુત કર્યું

LAUNCHING
WORLD'S FREE Linguistic EMAIL A
Email
ss In Your Language

'મેક ઈન ઈન્ડિયા' પહેલ અંતર્ગત ડિઝાઈન કરેલ અને ડિજિટાઇઝેશનને પ્રોત્સાહન આપવા વિલક્ષણ ડેટામેઇલ એપએ નવું ફિચર પ્રસ્તુત કર્યું છે. ડેટામેઇલ માટે ટેક ઈન્નોવેટરનો એવોર્ડ મેળવનાર ડેટા એક્સજેન ટેકનોલોજી પ્રાઈવેટ લિમિટેડના સ્થાપક અને સીઈઓ ડો. અજય ડાટાએ લિંગ્વિસ્ટિક ઈમેલ સર્વિસ 'ડેટા રેડિયો' હેઠળ વિશેષ પ્રોડક્ટ લોંચ કરવાની જાહેરાત કરી હતી.

DataMail.Bharat ઈમેલ એડ્રેસ સર્વિસ છે, જે ભારતમાં ત્રણ મહિના અગાઉ ૮ ભારતીય ભાષાઓમાં શરૂ થઈ છે અને હવે અન્ય એક ફિચર ડેટા રેડિયો લોંચ કર્યું છે. ડેટા રેડિયો નવીન ફિચર છે, જે ઓડિયન્સને વન-વે ઈન્ફોર્મેશન આપવા માટે ડિઝાઇન કરવામાં આવેલ છે.

ડેટા એક્સજેન ટેકનોલોજીસ પ્રાઈવેટ લિમિટેડના સ્થાપક અને સીઈઓ ડો. અજય ડાટાએ કહ્યું હતું કે, "ડેટામેલનું ડેટા રેડિયો ફિચર મફત ઉપલબ્ધ છે, જેમાં યુઝર્સ તેમના પ્રશંસકો/ફોલોઅર્સ કે પસંદગીના જૂથને ટેક્સ્ટ કે વોઇસ મારફતે માહિતી સંવર્ધિત કરવા પોતાની 'ડેટા રેડિયો ચેનલ્સ' શરૂ કરી શકે છે. યુઝર્સ ડેટા રેડિયો ચેનલદીઠ લાખો સભ્યોને સાંકળી શકે છે. ડેટામેલ મોબાઇલ એપમાં આ ફિચર નોટિફિકેશન મોડલ પર આધારિત છે અને 'બાય ચોઇસ'ની આધુનિક કામગીરી કરે છે, જે રસ ધરાવતા લોકોને ટ્યુન ઇન થવાની સુવિધા આપે છે." (૧)

રોબર્ટ પદ્ધતિથી કેન્સરના દર્દીઓને માહિતગાર કરવા નિઃશુલ્ક આયોજન

અમદાવાદ, ચીનની અત્યાધુનિક રોબર્ટ પદ્ધતિથી દર્દીને સારવાર આપવામાં આવે તો કેન્સરની જીવલેણ બિમારીમાં રાહત મળે છે. આ અંગે કેન્સરના દર્દીઓને માહિતગાર કરવા અમદાવાદની એમ્સ હોસ્પિટલ (નારાયણનગર રોડ, પાલડી) ચીનના નિષ્ણાંતો ખ્યાતનામ ડૉ. નૂલીચર તથા મુંબઈના નિષ્ણાંત ડૉ. અનુપ અબોટી તેમજ અન્ય ડૉક્ટરો તા. ૩૦, ૩૧ જાન્યુઆરી અને તા.૧લી ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ સવારે ૧૦થી ૬ સુધી વિનામૂલ્યે નિદાન અને સલાહ આપી માર્ગદર્શન આપશે. આ અંગે વધુ માહિતી માટે ફોન નં. ૭૮૭૮૭૯૭૮૯૧, ૩૨૪૨૩૨૪૨ તથા ૮૬૫૫૧૧૩૯૫૧ ઉપર સંપર્ક કરી શકો છો.

શેડસ ઓફ બ્લેક સ્પાલોનની નવી બ્રાન્ચનુ ઉદઘાટન



અમદાવાદ ખાતે શેડસ ઓફ બ્લેક સ્પાલોનની નવી બ્રાન્ચનુ ઉદઘાટન કરવામાં આવ્યુ. આ પ્રસંગે બોલિવુડ અભિનેત્રી ડેઇઝી શાહ ઉપસ્થિત રહી હતી. આઈઆઈએમ રોડ , એએમએ પાસે શેડસ ઓફ બ્લેક સ્પાલોનની નવી બ્રાન્ચ શરુ કરવામાં આવી.

સલમાનખાનની સાથે જય હો માં કામ કરી ચુકેલ ડેઇઝી શેડસ ઓફ બ્લેક સ્પાલોન ના ઉદઘાટન પ્રસંગે જણાવ્યુ કે શેડસ ઓફ બ્લેક સ્પાલોન અદભુત છે અને પોતાની યોગ્ય સંભાળ રાખવા માટે સ્પાલોનની મુલાકાત લેવી જોઇએ.-

નારાયણ જ્વેલર્સ વડોદરાને ૫ એવોર્ડસ

EXCELLENCE
AWARDS
Felicit
naire

નારાયણ જ્વેલર્સ બાય કેતન એન્ડ જતિન ચોકસી, વડોદરાએ જીત પર સવારી કરી હોય તેમ અજોડ ડિઝાઈનો માટે તેની યશકલગીમાં પાંચ પુરસ્કારો ઉમેર્યા છે. રિટેઈલ જ્વેલર્સ ઈન્ડિયા ખાતે મુખ્ય પુરસ્કાર જીત્યા પછી નારાયણ જ્વેલર્સે જીજેટીસીઆઈ એક્સલન્સ એવોર્ડસ ૨૦૧૬ અને આઈજે જ્વોલર્સ ચોઈસ ડિઝાઈન એવોર્ડ ૨૦૧૬ પણ જીત્યો છે.

ગુજરાતમાં અત્યંત પ્રચલિત અને વિશ્વસનીય જ્વેલરી બ્રાન્ડ નારાયણ જ્વેલર્સ બાય કેતન એન્ડ જતિન ચોકસી, વડોદરાએ જેમ એન્ડ જ્વેલરી ટ્રેડ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત ચતુર્થ એક્સલન્સ એવોર્ડસ ૨૦૧૬ ખાતે બેસ્ટ કલર્ડ જેમસ્ટોન અને બેસ્ટ ડાયમંડ જ્વેલરી ઓફ ધ યર જીત્યા છે. વાયએમસીએ ઈન્ટરનેશનલ, અમદાવાદમાં આયોજિત જીજેટીસીઆઈ એક્સલન્સ એવોર્ડસ ભારતીય જેમ અને જ્વેલરી ઉદ્યોગમાં શ્રેષ્ઠતમનું માનસન્માન કરે છે. આ પુરસ્કાર નારાયણ જ્વેલર્સ વડોદરાના સ્થાપત શ્રી કેતન ચોકસીને કર્ણાટકના સન્માનનીય રાજ્યપાલ શ્રી વજુભાઈ વાળાને હસ્તે એનાયત કરાયો હતો. નારાયણ જ્વેલર્સ બાય કેતન એન્ડ જતિન ચોકસીએ બેસ્ટ ડિઝાઈનર જ્વેલરી માટે જેજેએસ-આઈજે જ્વેલર્સ ચોઈસ ડિઝાઈન એવોર્ડસ ૨૦૧૬ જીતવા સાથે વર્ષની સફળ પૂર્ણાહુતિ કરી હતી.

ઝાકઝમાળ અને રોનક તેમ જ પ્રતિષ્ઠિત અને સન્માનિત લક્ઝરી જ્વેલરી બ્રાન્ડના આ વર્ષમાં નારાયણ જ્વેલર્સ બાય કેતન એન્ડ જતિન ચોકસી, વડોદરા વર્ષની બહુપ્રતિક્ષિત ટેલી લેન્ડ વેડિંગ ઓફ ધ યર માટે વિધિસર જ્વેલરી ડિઝાઈનર છે. વડોદરાની આ ૭૫ વર્ષ જૂની જ્વેલરી બ્રાન્ડે અભિનેત્રી કિશ્વર મર્ચન્ટનાં લગ્ન અવસર અને સંગીત અને રિસેપ્શન સહિત માટે સમયકાલીન સુંદરતા અને મનોહરતાના વિશિષ્ટ જ્વેલરી નંગો સાકાર કર્યા છે. (૧૯-૮)

પવારને પદ્મવિભૂષણ પુરસ્કાર ગુરુદક્ષિણા તરીકે અપાઈ રહ્યો છે? : ઉદ્ધવ

મુંબઈ, શિવસેના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ શરદ પવારને પદ્મવિભૂષણ પુરસ્કાર જાહેર થવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા છે. ગણતંત્ર દિવસે તેમણે કહ્યું કે દ્વઝ અધ્યક્ષ શરદ પવારને પદ્મવિભૂષણથી સન્માનિત કરવા એ શું તેમને 'ગુરુદક્ષિણા' આપી છે? કેન્દ્ર સરકારે છ અન્ય લોકો સાથે પવારને પણ પદ્મ વિભૂષણથી સન્માનિત કરવાની જાહેરાત બુધવારે કરી હતી.

ઉદ્ધવ ઠાકરેએ મુંબઈના પરાવિસ્તાર ગોરેગાંવમાં પાર્ટી કાર્યકર્તાઓને સંબોધતા કહ્યું કે મને ખબર નથી પડતી કે શરદ પવારને પદ્મવિભૂષણ પુરસ્કાર એ શું ગુરુદક્ષિણા તરીકે અપાઈ રહ્યો છે? શું દક્ષિણા ક્યારેય પુરસ્કાર તરીકે આપી શકાય ખરી? અત્રે જણાવવાનું કે શેરડીના ખેડૂતોની સ્વાયત્ત સંસ્થા વસંતદાદા શુગર ઈન્ડસ્ટ્રી (ફજી)ના ગત વર્ષે નવેમ્બરમાં આયોજિત સમારોહમાં પીએમ મોદીએ કહ્યું હતું કે તેમણે જ્યારે રાજકારણમાં ડગ માંડ્યા ત્યારે પવારે તેમને મદદ કરી હતી. પવાર ફજીના પ્રમુખ છે.

ઠાકરેએ એમ પણ કહ્યું કે હું અપ્પાસાહેબ(ધર્માધિકારી)ને પદ્મ પુરસ્કાર મળવાથી ખુશ છું. મારા માટે તો એવું છે જાણે મારા પોતાના પરિવારને જ પુરસ્કાર મળ્યો હોય.

RELIGARE | SME LOANS
Values that bind

કબ્જા નોટીસ
((પરિશિષ્ટ ૪) નિયમ ૮(૧))

આથી નીચે સહી કરનાર સત્તાવાર અધિકારીએ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૨ હેઠળ, મેસર્સ રેલીગેર ફિનવેસ્ટ લીમીટેડ કે જેની રજીસ્ટર્ડ ઓફિસ ૨જો માળ, રાજલોક બિલ્ડિંગ, ૨૪ નેહરૂ પલેસ, ન્યુ દિલ્હી-૧૧૦૦૧૯, અને તેની કોર્પોરેટ ઓફિસ ૯મો માળ, પારસ ટ્વીન ટાવર્સ, ટાવર-બી સેક્ટર ૫૪, ગોલ્ફ કોર્સ રોડ, ગુરગાંવ-૧૨૨૦૦૨.(જે હવેથી અહી "આરએફએલ" તરીકે ઓળખાશે) ખાતે આવેલ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (ઈનફોર્સમેન્ટ) રૂલ, ૨૦૦૨ હેઠલ નિયમ ૯ સાથે વાંચતા સેક્શન ૧૩(૧૨) હેઠળ **તા.૨૧.૦૯.૨૦૧૬ના રોજ માંગણા નોટીસ કાઢવામાં આવી હતી અને તા. ૨૨-૦૯-૨૦૧૬ના રોજ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા અને સંદેશ ડેલી ન્યૂઝપેપરમાં જાહેર થયેલ આ માંગણા નોટીસમાં રાજેન્દ્રકુમાર બલદેવકીસન શર્મા, પ્રવિણ રાજેન્દ્ર શર્મા, ઓમ ચેહર એન્ટરપ્રાઈઝીસ એન્ડ વિશ્નો ફેબ ("કરજદાર/જામીનદાર/મોર્ગેજર")**ને નોટીસમાં જણાવ્યા પ્રમાણે **રૂા. ૨,૦૨,૪૬,૭૨૯.૨૦/- (રૂપિયા બે કરોડ, બે લાખ, છેતાલીસ હજાર, સાત સો ઓગણત્રીસ અને વીસ પૈસા)** અને સાથે તા. ૨૧.૦૯-૨૦૧૬થી વ્યાજ નોટીસ પ્રસિદ્ધ થયાના ૬૦ દિવસમાં ભરી જવા જણાવવામાં આવ્યુ હતું.

કરજદાર/જામીનદાર/મોર્ગેજર અહી નોટીસમાં જણાવેલ રકમની ચુકવવામાં નિષ્ફળ ગયા છે અને અહી કરજદાર અને સામાન્ય જનતાને જણાવવાનું છે કે નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ નિયમ ૯ વાંચતા સેક્શન ૧૩(૪) હેઠળ તેમને મળેલી સત્તા હેઠળ અહી નીચે વર્ણન કરવામાં આવેલ મિલ્કતનો **તા.૨૩-૦૧-૨૦૧૭**ના રોજ કબ્જો લીધો છે.

કરજદાર/જામીનદાર/મોર્ગેજર અને લોકોને આથી ચેતવણી આપવામાં આવે છે કે મિલ્કત સાથે કોઈ પણ વ્યવહાર કરવો નહીં અને મિલ્કત સાથે કોઈ પણ વ્યવહાર આરએફએલના તાબામાં **રૂા. ૨,૦૨,૪૬,૭૨૯.૨૦/- (રૂપિયા બે કરોડ, બે લાખ, છેતાલીસ હજાર, સાત સો ઓગણત્રીસ અને વીસ પૈસા) અને તા. ૨૧.૦૯.૨૦૧૬** પછીના અન્ય વ્યાજ જો હોયે ના આધીન રહેશે.

મિલ્કતનું વર્ણન

યૂનીટ નં. જીએફ/જે/એ, આશરે ૧૪૨ સ્કવેર યાર્ડનો ગ્રાઉન્ડ ફલોરની સરદાર કોમ્પલેક્ષની સ્કીમ ન્યૂ વીરાભગત કોપ. હાઉસિંગ સોસાયટી લી., આરએસ નં. ૫૪/૨ ઉપર બનેલ, ટી.પી. સ્કીમ નં. ૩૭, ટીપી નં. ૧૪ ઉપર માપ ૧૦૬૭૦ પૈકી દક્ષિણ દિશામાં ૨૬૧૧.૬૮ સ્કેવર મીટર અને કોપ નં. ૧ માન ૬૩૪.૫૦ સ્કેવર મીટરની મૌજે દાણીલીમડા સબ ડિસ્ટ્રીક્ટ અમદાવાદ-૫ (નારોલ) અને અમદાવાદ જિલ્લા હેઠળ આવેલ મિલ્કતના બધા હક્ક અને હિસ્સા સાથે અને જેની ચારે દિવાર:-

ઉત્તર : અન્ય મિલ્કત, **દક્ષિણ :** દુકાન, **પૂર્વ :** રોડ, **પશ્ચિમ :** અન્ય મિલ્કત

સ્થળ : અમદાવાદ
તારીખ : ૨૩-૦૧-૨૦૧૭

અધિકૃત અધિકારી
મેસર્સ રેલીગર ફિનવેસ્ટ લી.

એક વિવાહ ઐસા ભી

અમદાવાદ, શેક્સપિયરે એક વખત કહ્યું હતું, નામમાં શું દાટ્યું છે? હા, આ વાત સાચી છે, પરંતુ સંબંધનું નામ બદલવાનો પ્રયાસ કરો અને પછી જુઓ રાતોરાત સમીકરણ કઈ રીતે બદલાય જાય છે. શું તમે ક્યારેય એવું સાંભળ્યું છે કે એક સ્ત્રી એક છત હેઠળ બે સાસુ જોડે રહે છે? અથવા એવું સાંભળ્યું છે કે એક સ્ત્રી બે નણંદ સાથે રહે છે, જે તેની ભાભી પણ છે? મૂંઝવણમાં મુકાઈ ગયા ને? સુમનના જીવનમાં કાંઈક આવું જ બન્યું છે. આ અસાધારણ અને ગૂંચવાળા સંબંધોની પાછળના રહસ્ય પરથી પડતો ઊંચકતાં શ્ફ લાવી છે તેનો નવો ફિક્શન શો- એક વિવાગ ઐસા ભી, જેમાં સોનાલી નિકમ, અભિષેક મલિક, તસનીમ શેખ અને હિમાની શિવપુરી મુખ્ય ભૂમિકામાં છે. આ શોનું પ્રસારણ ૬ઠ્ઠી ફેબ્રુઆરીથી થશે, જે પછી દર સોમવારથી શુક્રવારે સાંજે ૭.૩૦ વાગ્યાથી &TV પરથી પ્રસારિત થશે.

ઈન્દોરની પાર્શ્વભૂમાં સ્થાપિત એક વિવાહ ઐસા ભી ૨૪ વર્ષના સુમન પરમાર (સોનાલી નિકમ)ની વારતા છે, જે પોતાની સાસુ (હિમાની શિવપુરી), બે યુવાન નણંદ અને ૪ વર્ષના પુત્ર જોડે રહે છે. સાસુના આગ્રહથી અને પતિની મૃત્યુ પછી પરિવારને આધાર આપવા માટે સુમન એમબીએ કરે છે અને ઘર, તેની જવાબદારીઓ અને કોલેજ વચ્ચે સંઘર્ષ કરે છે. અભ્યાસ કરતી વખતે તેને કોલેજમાં સાથી રણવીર મિત્તલ (અભિષેક મલિક) લગ્નનો પ્રસ્તાવ આપે છે, જેને લીધે તેના જીવનમાં ઊથલપાથલ મચી જાય છે, કારણ કે હવે તેની બીજી સાસુ (તસનીમ શેખ) પણ છે. તેની એક સમયની નણંદ હવે મિત્તલ પરિવારમાં તેની ભાભીઓ બની ગઈ છે. સુમન બે સાસુ અને બદલાતા સંબંધોને કઈ રીતે સાચવશે? રણવીરના પ્રેમનો તે કઈ રીતે પ્રત્યુત્તોર આપશે?

અલ્મા લેસર દ્વારા સ્ત્રી જીવન માટે ક્લિનીકલ ઉકેલો ના ભાગરૂપે "ફેમીલીફ્ટ" ની રજૂઆત

અમદાવાદ, અલ્મા લેસર એ તબીબી લેસરો ની બાબતમાં અગ્રણી છે,જે સર્જીકલ અને સૌંદર્યલક્ષી સંકેતો માટે ઉકેલો આપે છે. અલ્મા લેસર દ્વારા સૌપ્રથમવાર યોનિમાર્ગ કાયાકલ્પ માટે "ફેમીલીફ્ટ" ની રજૂઆત કરવામાં આવી છે.આ ટેક્નોલોજી પેશાબ માં ઈન્કોન્ટીનેન્સ,યોનિમાર્ગ કાયાકલ્પ અને આવર્તક ચેપ ની સારવાર માં મદદ કરે છે.આ માત્ર ૫ મિનિટ ઓફીસપ્રક્રીયા સાથે ની સૌપ્રથમ ટેક્નોલોજી છે જેમાં કોઈપણ પ્રવેશ અને ડાઉનટાઈમ ની જરૂર નથી.દુબઈ ના ડો.રૂપિંદર કૌર દ્વારા લાઈવ પ્રક્રીયા કરવામાં આવી હતી અને યુરોપિયન સોસાયટી ઓફ એસ્થેટીક ગાયનેકોલોજી ના પ્રેસિડેન્ટ ડો.એલેક્ઝાન્ડર દ્વારા પ્રક્રીયા વિશે વાતચીત કરવામાં આવી હતી.

આ પ્રસંગે ડો.એલેક્ઝાન્ડરે ઔપચારીક રીતે યુરોપિયન સોસાયટી ઓફ એસ્થેટીક ગાયનેકોલોજી ના ભારતીય ચેપટર ની જાહેરાત કરી હતી.આ સંસ્થા હેઠળ ત્યાં લાઈવ વર્કશોપ અને કોસ્મેટીક ગાયનેકોલોજી ના અભ્યાસક્રમો ૨૦૧૭ ના ૨જા ભાગ થી શરૂ કરવામાં આવશે.

યોનિમાર્ગ શિથિલતા એ વિશ્વની તમામ મહિલાઓ માટે અત્યંત સામાન્ય છે પરંતુ તે અસુચીત છે.કેટલાક લોકો આ સમસ્યા પર વાત કરવા ઈચ્છતા નથી.બીજાઓ માને છે કે આના માટે કંઇ ન કરી શકાય અથવા તેઓ કોઈ શસ્ત્રક્રીયા માંથી પસાર થવા નથી માંગતા. ફેમીલીફ્ટ એ માનસિકતા ને બદલે છે તે ઝડપી,પિડારહીત અને લંચબ્રેક માં થઈ શકે તેવી પ્રક્રીયા છે. (૧૯-૧૦)

ચીની વાયુસેનાએ એર ટુ એર ૪૦૦ કિમીની રેન્જની મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું

બિજિંગ, ચીનની વાયુસેનાએ આકાશમાંથી આકાશમાં ચારસો કિલોમિટરની રેન્જમાં પ્રહાર કરવાની ક્ષમતા ધરાવતી મિસાઈલનું પરીક્ષણ કર્યું છે. ચીનની વાયુસેના દ્વારા પરીક્ષણ કરાયેલી મિસાઈલ એરિયલ રિફ્યૂલિંગ વિમાન જેવા મહત્વપૂર્ણ નિશાનોને ધ્વસ્ત કરવાના ઈરાદે બનાવવામાં આવી છે. ચાઈના ડેલીના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ચીનની વાયુસેનાએ ઓનલાઈન તસવીર જાહેર કરી છે.

બિહારમાં ભાજપ નેતા કેશવનંદ ગિરિની ગોળી મારી હત્યા

પટણા, બિહારમાં ભાજપના નેતા કેશવનંદ ગિરિની ગત રાત્રિએ ગોળી મારી હત્યા કરવામાં આવી. હત્યારાઓ કેશવનંદને ટાર્ગેટ કરી ગોળીઓ ધરબી દઈને ફરાર થઈ ગયા. જોકે હજી તેમની ઓળખ થઈ શકી નથી. હત્યારાને ઝડપવા પોલીસ શોધ ચલાવી રહી છે. તો રાજસ્થાનના કોટામાં ભાજપના ધારાસભ્ય અત્રુ રામપાલ મેઘવાલને બુધવારે એક ૨૦ વર્ષીય યુવકે સળગાવવાની કોશિશ કરી.

આ બંને કેસમાં પોલીસે એફઆઈઆર નોંધી તપાસ હાથ ધરી છે. કેશવનંદ ગિરિની હત્યા શા કારણે કરવામાં આવી તે હજી સ્પષ્ટ થઈ શક્યું નથી. જ્યારે મેઘવાલે પોતાના પર થયેલા હુમલાનું કારણ 'રાજનૈતિક કાવતરું' ગણાવ્યું છે. એમનો આરોપ એ છે કે વિકાસશીલ કાર્યોને જોઈને વિપક્ષના નેતા ડરેલા છે અને તેમણે ભાડાના ગુંડા મોકલીને તેમની હત્યા કરવાની કોશિશ કરી.

બીજીબાજુ, એસએચઓ વિજય શંકર શર્માએ જણાવ્યું કે મેઘવાલ આમ જનતાની ફરિયાદ સાંભળવા માટે બારન(શહેર) વિધાનસભા ક્ષેત્ર ગયા હતા. સાંજે ૭.૩૦ વાગે ચારવ સક્સેના નામનો એક યુવક ભીડમાંથી તેમનું અભિવાદન કરવા તેમની પાસે પહોંચ્યો અને અચાનક તેમના શરીર પર જ્વલનશીલ પદાર્થ ફેંકી, માચિસ સળગાવવા લાવ્યો. ધારાસભ્યના સમર્થકોએ તરતજ એ યુવકને પોતાના નિયંત્રણમાં લઈ લીધો. જો કે તે ત્યાંથી ભાગવામાં કામિયાબ નિવડ્યો.

SUN SOURCE INDIA LIMITED
1, Sonal Industrial Estate (Khoda), Sanand-viramgam Highway, Ahmedabad- 382 170.
CIN: L40100GJ1992PLC017458.
Email: info@sunsource.in
website: www.sunsource.in

NOTICE

Pursuant to Regulation 33 read with Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, Notice is hereby given that the meeting of Board of Directors of Sun Source India Limited will be held on Monday, February 06, 2017 at BRG Business Park, Block-II, Nr. Mercedes Benz Showroom, Off. O P Road, Atladra, Vadodara 390012, Gujarat, to take on record the Un-audited Financial Results and Limited Review Report of the Company for the 3rd quarter ended 31st December, 2016.

Further, this information is also available on website of the Company i.e. www.sunsource.in and on the website of Stock Exchange's at www.bseindia.com.

For **Sun Source India Limited**
Sd/-
Ashok Gajjar
Chairman
DIN: 02137748

Date: January 27, 2017
Place: Vadodara

PUROHIT CONTRUCTION LIMITED
CIN: L45200GJ1991PLC015878
Regd. Off. : 401, Purohit House, Opp. S.P.Stadium
Navrangpura, Ahmedabad- 380009
Telephone: 079-66620104,
E-mail:- cs@purohitconstruction.com,
Website:- www.purohitconstruction.com

NOTICE

Pursuant to regulation 29 read with Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulation, 2015, Notice is hereby given that a meeting of the Board of Directors of the Company will be held on Friday, 10th February,2017 inter alia, to consider and approve the Unaudited Financial Results of the Company for third quarter & nine months ended on 31st December,2016.

In regard to the above paragraph, Trading Window will be closed from 6th February, 2017 to 13th February, 2017 (both date inclusive) for all designated employees.

The intimation sent to the Stock Exchange is available on the website of the Company – www.purohitconstruction.com and on the website of Stock Exchange i.e. BSE – www.bseindia.com.

For Purohit Construction Limited
Sd/-
Nishit Sandhani
Company Secretary

Place: Ahmedabad
Date: 27th February, 2017

KEMISTAR CORPORATION LIMITED
604, MANAS, NEAR JODHPUR CROSS ROAD,
SATELLITE, AHMEDABAD, GJ. 380015
CIN: L24233GJ1994PLC022845
Email: kemistarbse@gmail.com Web: www.kemistar.in

NOTICE

Notice is hereby given Pursuant to Regulation 29 read with Regulation 47 of the SEBI (listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, that the Meeting of the Board of Directors of the company will be held on Monday, 6th February, 2017 at 11:00 a.m at the registered office of the Company, interalia, to consider & approve unaudited financial Result for the 3rd Quarter ended on 31st December, 2016.

For Kemistar Corporation Limited
Sd/-
Managing Director

Place: Ahmedabad
Date: 27/01/2017

જાહેર નોટીસ

ICICI Bank
ICICI Bank Limited
આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસ : લેન્ડમાર્ક, રેસ કોર્સ સર્કલ, વડોદરા-૩૯૦ ૦૦૭.
કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, મુંબઈ ૪૦૦ ૦૫૧.

સોનાની હરાજી અને આમંત્રણની નોટિસ

નીચે જણાવેલાં અરજદારોને આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ(આઈસીઆઈસીઆઈ બેંક) દ્વારા સોનાના દાગીના સામે તેમને અપાયેલી લોન (સવલત) બાકી નિકળતી રકમને પરત ભરપાઈ કરવા માટે નોટિસ આપવામાં આવી છે. સવલત હેઠળ અપાયેલી રકમને પુનઃચુકતે કરવામાં કરજદારો નિષ્ફળ નીવડ્યા હોવાથી **૦૮મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના** રોજ ગીરવે મુકાયેલાં સોનાનાં દાગીનાની હરાજી કરવાની અમને ફરજ પડી છે.આ હરાજીમાંથી જો વધારાની રકમ પ્રાપ્ત થશે તો તેને સંબંધિત કરજદારોને પરત ચુકવાશે અને હરાજી પછી જો કોઈ ઘટ પડશે તો યોગ્ય કાનૂની કાર્યવાહી મારફતે સંબંધિત કરજદાર પાસેથી બાકી રહેલી રકમ વસૂલ કરાશે. કોઈપણ પૂર્વ માહિતી કે સૂચના આપ્યા વિના જ હરાજીમાંથી નીચે જણાવેલાં ખાતાઓમાથી કોઈને પણ દૂર કરવાની સત્તા આઈસીઆઈસીઆઈ બેંક પાસે છે. તદુપરાંત, કોઈપણ પૂર્વ સૂચના આપ્યા વિના ઓક્શન ડેટ (હરાજીની તારીખ)ને બદલવાનો અધિકાર આઈસીઆઈસીઆઈ બેંક પાસે રાખે છે.

લોન ખાતા નંબર	ગ્રાહકનું નામ
શાખાનું નામ : બાવળા	
049605002254	છોટાભાઈ નારણભાઈ ગોહીલ
049605003281	જગદીશભાઈ મોબતભાઈ ગોહીલ
શાખાનું નામ : દહેગામ	
171805004163	હામીદભાઈ મંસુરી
171805003523	મેલાભાઈ એમ પટેલ
171805004193	ધનશ્યામભાઈ બચુભાઈ દરજી
171805004197	કનકસિંહ ચૌહાણ
શાખાનું નામ : ધનસુરા, ગુજરાત	
364005000205	વિપુલભાઈ રામાભાઈ રાવલ
શાખાનું નામ : ધોળકા	
182905003074	હતીમભાઈ મુસાજી મુલ્લા
182905001769	અજયસિંહ મંગાસિંહ રાઠોડ
182905002422	ગોરધનભાઈ મનસંગભાઈ ફેદર
182905001739	હર્ષદભાઈ મનુભાઈ પરમાર
182905001752	લક્ષ્મણભાઈ બાલાભાઈ ભરવાડ
182905003095	રાકેશકુમાર કનુભાઈ ચૌહાન
શાખાનું નામ : હાલોલ	
177005000772	પ્રવીણભાઈ ચાદુભાઈ મેમન
શાખાનું નામ : હિમ્મતનગર	
045205003797	ખુશબુબાનુ ઉસ્માનભાઈ મેમન
045205002080	જેઠાભાઈ આર પટેલ
045205002755 045205002935	અમરતજી જવાનજી પરમાર
045205006193	કલ્પનાબેન જિતેન્દ્રભાઈ પરમાર
045205006189	શૈલેશકુમાર અમૃતભાઈ આસારી
શાખાનું નામ : ઈડર	
171905004101	રતનસિંહ એચ દેવડા
171905002432	મોહમદજુનેફ ફરીદખાન પઠાન
171905003708	રોહીતકુમાર બાબુભાઈ પરમાર
શાખાનું નામ : કપડવંજ	
084705002675	મોહબતસિંહ મોતીસિંહ સોલંકી
084705002760	વિપુલકુમાર અરવિંદભાઈ પટેલ
084705002702	જિતેન્દ્ર નાગજીભાઈ રબારી
084705002699	જયંતીભાઈ માધાજી રાઠોડ
084705003094	કમલેશકુમાર બુધાભાઈ ઝાલા
084705003401	વનરાજસિંહ રામસિંહ ચૌહાન
શાખાનું નામ : ખંભાત	
183205001929	નટુભાઈ ચૌહાન
183205001908	મહેશકુમાર જયંતીભાઈ પટેલ
શાખાનું નામ : ખેડા	
202005000668	અલ્લારખાભાઈ અબ્દુલભાઈ વહુરા
202005001958	અજીથકુમાર ટખુભાઈ મકવાણા
202005002317	દસરથભાઈ સકરાભાઈ સોલંકી
202005000452	ઘમુભાઈ કાંજીભાઈ ભરવાડ
શાખાનું નામ : મોડાસા	
084905003778	અમૃતભાઈ જેઠાભાઈ ચમાર
084905003896	સચિન ભવાની શંકર પંડયા
084905004900	મનીશકુમાર પરશોતમભાઈ ભરવાડ
084905003460	ગુલવંતભાઈ કરશનભાઈ ભરવાડ
084905003879	વણકર વસન્તકુમાર મકનાભાઈ
084905005399	અમૃતભાઈ નીનામા
શાખાનું નામ : નડીયાદ-સ્ટેશન રોડ	
250005000111	નઝરૂદીન કડીવાર
શાખાનું નામ : પેટલાદ	
137305001448	ધર્મેશભાઈ એન નવાડીયા
137305001235	નરેશભાઈ મોટ્ટીભાઈ પરમાર
શાખાનું નામ : વલ્લભવિદ્યાનગર	
008505003420	ગોપાલભાઈ સુંદરમભાઈ બારડ
શાખાનું નામ : વાસદ	
200905001835	વિક્રમભાઈ વજુભાઈ ભરવાડ
શાખાનું નામ : વિરમગામ	
098905001947	ઝપાડીયા મહેશભાઈ ગણપતભાઈ
098905003060	ધનશ્યામભાઈ પોપટભાઈ કોલીપટેલ

હરાજી ઓનલાઈન https://Jewel-auction.procuretiger.com **પર બપોરના ૧૨.૩૦થી બપોરના ૩.૩૦ વાગ્યાની વચ્ચે ૦૮મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ યોજાશે.** વધુ માહિતી, નિયમો અને શરતો અને હરાજીમાં ભાગ લેવા માટેની નોંધણી ઠરાવવા, ઈચ્છુક ખરીદનારાઓ વેબસાઈટમાં લોગ ઈન થાય અથવા હરાજીના પોર્ટલ પર અથવા તો બેંકનો સંપર્ક કરો. ખાસ નોંધ લો કે જો સમયમર્યાદામાં આ હરાજી પૂર્ણ થશે તો તેના પછીના દિવસે આ નિયમો અને શરતોનો આધીન હરાજી ચાલૂ રહેશે.-જો ગ્રાહક મૃત્યુ પામ્યા હશે તો તે કિસ્સામાં તેમના કાનૂની વારસદારોને પણ ઓક્શન (હરાજી)ને લગતી તમામ શરતો લાગુ પડશે.

તારીખ : ૨૮-૦૧-૨૦૧૭
સ્થળ : અમદાવાદ, આણંદ, ખેડા, પંચમહાલ, સાબરકાંઠા

સહી/-
ઓથોરાઈઝ્ડ ઓફિસર
આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ વતી

સૂચના

કૃપા કરી આપની જાહેરખબર
તથા સમાચાર અમારા
નિમ્નલિખિત
ઈ-મેલ પર જ મોકલશો :
lokmitra1948@gmail.com